# જશુભા રાણાના રાજીનામા બાદ સમીકરણો બદલાયા

## ચૂંટણી પહેલાં જિલ્લાની ભૌગોલિક સ્થિતિમાં ફેરફાર અને નવા સીમાંકનનો આ જંગ રોચક હશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. પંચાયતના આ ચૂંટણી જંગમાં જિલ્લાની બદલાયેલી ભૂગોળ કોને ફાયદો કરાવશે અને કોને નુકશાન કરાવશે તે અત્યારે કહેવુ વહેલુ છે.

ગાંધીનગર તાલુકાના ૧૯ ગામો ગાંધીનગર-અમદાવાદ મનપામાં ભેળવાયા પછી તેમજ કલોલ-માણસાના ભૌગોલિક હદોના ફેરફાર બાદ કરાયેલા નવા સીમાંકનથી આ જંગ લડાવાનો છે.

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



બન્ને પક્ષમાં અસરકારક નેતૃત્વનો અભાવ છે, બન્ને પક્ષોનું સંગઠન રાજકીય પંડિતોના મત મુજબ નબળુ છે અને અહિ બન્ને પક્ષો પરંપરાગત વોટ બેંકને ધ્યાને રાખી આ વખતની ચૂંટણી લડી રહ્યા છે.

બન્ને પક્ષમાં અસંતોષ અને નિષ્ક્રીયતા કાર્યકરોમાં જોવા મળી રહી છે પરંતુ આ મુદ્દે બન્ને પક્ષોના આગેવાનો જે રીતે સક્રિય થયા છે તે આગામી બે ત્રણ દિવસમાં સફળ થશે તેવો વિશ્વાસ પક્ષોના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે અને આ જંગ જામશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં કોંગીના મોભી ગણાતા જશુભા રાણા ઉમેદવારની પસંદગીને લઈ નારાજ થયા છે અને તેમણે નિવૃત્તિના સંકેત આપ્યા છે.

તેમને રાજીનામામાં પુનઃ વિચારણા કરવા અને તેમના રાજીનામા પછી બદલાયેલા સમીકરણોને સરખા કરવા આજે જિલ્લા કોંગ્રેસના આગેવાનો આખો દિવસ મથ્યા હતા. આમ છતાં જશુભાએ મચક આપી ન હતી. તેમણે કહ્યુ કે છાલા બેઠક પર મેં અપક્ષ ઉમેદવાર ઉભો રાખ્યો છે અને તે મેદાનમાં છે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ''ભા''ને સમજાવવા માટે કોંગ્રેસમાં જોડાવા ઉત્સુક એક દિગ્ગજ નેતાએ પણ ફોન કર્યો હતો. જો કે તેમણે ઈન્કાર કર્યો હોવાનું જાણવા મળેલ છે.

બદલાયેલી ભૂગોળ અને રાજકીય સમીકરણો આ વખતે કેવા પરિણામો લાવશે તે તો સમય જ જવાબ આપી શકે.

જો કે બન્ને પક્ષોમાં હાલ તો ભાજપ પોતાને ફ્ન્ટ રનર ગણાવે છે. સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરવામાં અને જાહેર પ્રચાર અભિયાન તેણે શરૂ કરી દીધો છે.

બીજી તરફ કોંગ્રેસ આજે પણ તેના સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરી શકી નથી પણ માણસામાં એક બેઠક પર ભાજપે વિજય મેળવી લીધો છે તો અન્ય એક બેઠક પર ભાજપના ઉમેદવારનું કોંગ્રેસના ઉમેદવારે સમર્થન કર્યાની વાતોએ પણ રાજકીય ગલિયારીઓમાં ઉત્તેજના જગાવી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીના જંગને લઈ રાજકીય ઉત્તેજનાઓ આમ તો અડધી શમી ગઈ છે. હવે પ્રચારના પડધમ વાગી ચુક્યા છે અને ગ્રામીણ વિસ્તારોમાં કાર્યાલયો પણ શરૂ થઈ ગયા છે. રાત્રિ બેઠકોનો સિલસિલો આરંભાયો છે.

# હવે, જિલ્લા પંચાયતમાં ૬૯ ઉમેદવારો મેદાનમાં

## 3 બેઠક પર ચતુષ્કોણીય, સાત બેઠકો પર ત્રિકોણીય અને ૧૮ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંજચાયતની ૨૮ બેઠકો માટે આજે ૧૧ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચતાં હવે ૬૯ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે દહેગામ તાલુકામાં ૭ બેઠકો પરથી પાંચ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા હતા જ્યારે માણસા તાલુકામાં ૭ બેઠકો પરથી ૬ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા હતા.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટેના જંગમાં આજે ગાંધીનગર અને કલોલમાંથી ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા નથી.

હવે ગાંધીનગરમાં ૮ બેઠક માટે ૨૧ ઉમેદવારો, માણસામાં ૭ બેઠક માટે ૧૭ ઉમેદવારો, દહેગામમાં ૭ બેઠક માટે ૧૯ ઉમેદવારો અને કલોલમાં ૬ બેઠક માટે ૧૨ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. જેમાં આપ આદમી પાર્ટી, બસપા અને અપક્ષો મળી કુલ ૧૩ જેટલા અન્ય ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેવુ રાજકીય પંડિતોનું માનવુ છે.

અપક્ષો અને અન્ય ઉમેદવારો કોનુ ગણિત બગાડશે તે તો સમય જ કહેશે. જો કે કેટલાક ઉમેદવારોએ તો તેમના પ્રચારનો આરંભ લોકસંપર્ક અભિયાનથી કર્યો છે. ભારતીય જનતા પક્ષ દ્વારા આજથી જ જાહેર પ્રચારના શ્રીગણેશ કરી દેવાયા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું નવુ સીમાંકન અને વિસ્તારોમાં થયેલા ફેરફારો પછી આ ચૂંટણી વધુ રોચક બનશે તેમ પણ રાજકીય પંડિતો માની રહ્યા છે.

જિલ્લામાં ૩ બેઠક છાલા, સમૌ અને બહિયલ પર ચતુષ્કોણીય જંગ ખેલાશે. સાત બેઠકો ડભોડા, સાદરા, ઉવારસદ, ચરાડા, હાલીસા, હરખજીનામુવાડા અને સાણોદા બેઠક પર ત્રિકોણીય જંગ ખેલાશે જ્યારે ૧૮ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસે ૨૫ બેઠકો જીતી હતી તો પાંચ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. આ વખતે મતદાન પણ કોરોનાની મહામારી વચ્ચે થવાનુ છે ત્યારે કોણ મેદાન મારશે તે અત્યારે કહેવુ વહેલુ હોવાનું રાજકીય પંડિતો કહી રહ્યા છે. જો કે બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ તેમના વિજયના દાવા આજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતાં કરી દીધા છે.

### 3 તાલુકા પંચાયત માટે ૧૮૩ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં આજે ૭ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચતા ૧૮૩ ઉમેદવારો મેદાનમાં છે. આજે સાંજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. કલોલ-માણસા અને દહેગામમાં ૭૯-૭૯ ઉમેદવારો ભાજપ-કોંગ્રેસના છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં બસપાનો ૧, આપ આદમી પાર્ટીના ૧૩ અને નવ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

માણસા તાલુકા પંચાયત માટે ૬૩ ઉમેદવારો, દહેગામ માટે ૬૧ અને કલોલમાં ૫૭ ઉમેદવારો મેદાનમાં છે.

### વરસોડા બેઠક ભાજપ બિનહરિફ

ગાંધીનગર જિલ્લાની વરસોડા બેઠક પર ભાજપનો વિજય થયો છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછુ ખેંચી લીધુ છે.

જિલ્લામાં માણસા તાલુકા પંચાયતની પ્રથમ બેઠક ભાજપના ફાળે ગઈ છે. આ તાલુકા પંચાયતની ૨૬ બેઠકો છે. હવે ૨૫ બેઠકો માટે ચૂંટણી જંગ ખેલાશે.

માણસાની ૨૫ બેઠકો માટે ૬૩ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૨૫-૨૫ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો ઉપરાંત નવ ઉમેદવારો આપ આદમી પાર્ટીના અને ૪ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.



**''ખીલી વસંત, વન ફૂલભર્યા મહેંકે, ગાતા ફરે ભ્રમર, કોકિલનાદ લ્હેકે...''**

વસંતને ઋતુઓનો રાજા કહેવામાં આવ્યો છે. શિયાળાની આકરી ઠંડીમાં જાણે ઠીંગરાઈ ગયેલી પ્રકૃતિ નવા સાજ શણગાર સજે છે. નવા પર્ણો અને પુષ્પોથી વૃક્ષો લચી પડે છે. પલાશ એટલે કે કેસુડાના પુષ્પો વસંત ઋતુમાં ખૂબ ખીલે છે. તેનો ઘાટ્ટો કેસરી રંગ જોનારને તુરંત જ જાણે મંત્રમુગ્ધ કરી દે છે. મોટાભાગે ડુંગરાળ વિસ્તારમાં કે જંગલમાં જોવા મળતો કેસૂડો ગાંધીનગરમાં પણ ક્યાંક ક્યાંક જોવા મળી જાય છે. હોળી નજીક છે ત્યારે કેસૂડાનો નેચરલ રંગ સૌને પસંદ આવે છે. કેસુડાના ફૂલોને પાણીમાં પલાળીને તેનાથી સ્નાન કરવામાં આવે તો ત્વચાના રોગોમાં અને ગરમીમાં ખૂબ રાહત મળે છે.

# જિલ્લામાં બીજે દિવસે પણ ૧૦ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૪ કેસ : સે. ૨૯ માં દાદા-પૌત્ર સંક્રમિત, સે. ૩માંથી ૪ કેસ મળી આવતાં તંત્ર ચિંતાતુર બન્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. સતત બીજે દિવસે ૧૦ કેસ નોંધાતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્યવિસ્તારમાં નોંધાયેલા ૪ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૪ એ કેસ ગાંધીનગર તાલુકાના છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં હજુ જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર છે.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામેથી એક ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કુડાસણમાંથી બે કેસ અને સરગાસણમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૦૫૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩૨૪ લોકોને હોમક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી અને ૧ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસોમાં આજે બે દર્દીને

● અનુસંધાન પાના - ૭ પર

# જશવંતસિંહ ભાભોર કોરોના પોઝિટિવ

ગાંધીનગર, તા. ૧૬

સીએમ રૂપાણીના સંપર્કમાં આવેલા સંગઠનમંત્રી ભીખુ દલસાણિયા અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ કોરોનાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રીના પીએ શૈલેષ માંડલિયાનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. ત્યારે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડનાં વધું એક સભ્ય કોરોના પોઝિટિવ થયા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સીએમ હાઉસ ખાતે મળેલ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠકમા હાજર રહ્યાં હતા. તો બીજી તરફ, મુખ્યમંત્રી રૂપાણીના લેટેસ્ટ હેલ્થ અપડેટ સામે આવ્યા છે. હોસ્પિટલમાંથી મળતી માહિતી અનુસાર, મુખ્યમંત્રી વિજય રૂપાણીને રેમડેસીવર ઈન્જેક્શન આપવામાં આવ્યું છે.

સિટી સ્કેન બાદ વાયરસનો લોડ વધતાં તેમને ઈન્જેકશન અપાયું છે. ત્યારે મુખ્યમંત્રી રૂપાણીની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે તેવું જાણવા મળ્યું છે. તેમની રિકવરી ઝડપથી આવે તે માટે રેમડેસીવર ઈન્જેકશન અપાયું છે.

# સે-૨૬માં મુખ્યમાર્ગ પાસે સ્થિત વોક વે પર દબાણોનો કબજો

## ડી માર્ટ સામે સ્થિત ફુટપાથ પર દબાણોની કતાર : ખાણી પીણીની લારીઓ , ગલ્લાઓ ધમધમતા હોવાથી માર્ગ વચાળે જ વાહનો પાર્ક થાય છે : ટ્રાફિક માટે મોટી અડચણ ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત

ગાંધીનગર તા ૧૬

સે-૨૬ માં ડી માર્ટ પાસે લારી ગલ્લાના દબાણોની ભરમાર જોવા મળે છે. સેકટરમાં માર્ગ આસપાસ સ્થિત ફુટપાથ પર લારી ગલ્લાની કતાર ઉભી થઈ છે. ખાણી પીણી બજાર સહીત અન્ય ચીજવસ્તુઓની લારીઓ તેમજ ગલ્લા કેબિન ઉભા થઈ ગયા છે. શહેરના સેકટરોમાં પણ હજુ દબાણની સમસ્યા યથાવત છે. ત્યારે જુના દબાણો દુર થતા નથી અને નવા વિસ્તારો દબાણની ચુંગાલમાં આવતા જાય છે. તંત્ર દ્વારા સમયાંતરે દબાણો દુર કરવા માટે નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ત્યારે એકબાજુ દબાણો દુર થતા નથી અને નવી જગ્યાઓ પણ દબાણની ગિરફતમાં આવી રહી છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં દબાણોની ભરમાર છે. શહેરમાં દબાણોએ અજગર ભરડો લીધો છે. નગરના કોર્મશિયલ વિસ્તાર આસપાસ વાહન પાર્કીંગનો એરિયા પણ દબાણોના કબજામાં છે. ત્યારે કાયમી દબાણ દુર કરવા માટે હજુ અસરકારક પગલા લેવાતા નથી.




શહેરના કોર્મશિયલ વિસ્તારમાં વાહન પાર્કીંગ માટે પુરતી જગ્યાના અભાવ વચ્ચે રોજબરોજ ટ્રાફિક અને માર્ગ સલામતીને લગતા અનેક પ્રશ્નો ઉઠવા પામે છે આમછતા હજુ સ્માર્ટ પાર્કીંગ વ્યવસ્થા જળવાતી નથી. ત્યારે સે-૨૬ માં ડી માર્ટ સામેના વોક વે પર દબાણોનો અડ્ડો જામ્યો છે. દબાણોના લીધે સ્થાનિકોને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે.બીજીતરફ માર્ગ પર થતી ટ્રાફિકની અવરજવર પણ પ્રભાવિત થઈ છે.

માર્ગ પર વાહનો મુકી ખાણીપીણીની લારી પર ઉભા રહેતા વાહનચાલકો ના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. નજીકમાં સ્થિત જી આઇ ડી સી અને માણસાના રૂટના લીધે આમ પણ આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર પણ રહેતી હોય છે. જયારે દબાણોના લીધે માર્ગ વચાળે વાહન પાર્કીંગ થાય છે જેના લીધે ટ્રાફિક માટે મોટી અડચણ ઉભી થઈ છે.

# રાજ્યસભા માટે રામભાઈ મોકરિયા, દિનેશ પ્રજાપતિ ભાજપના ઉમેદવાર

ગાંધીનગર, તા. ૧૬

ભાજપે ગુજરાતની ખાલી પડેલી બે રાજ્યસભાની સીટો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ભાજપે રાજ્યસભા માટે



રામ મોકરિયા અને દીનેશ પ્રજાપતિના નામની જાહેરાત કરી છે.

આગામી પહેલી માર્ચે સવારે ૯થી ૪ વાગ્યા સુધી રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન યોજાશે. બંને બેઠકોનું મતદાન અલગ અલગ થશે અને મતગણતરી પહેલી માર્ચે સાંજે પાંચ વાગે યોજાશે. ભાજપે રામભાઈ મોકરીયાને પોતાના રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે. રામ મોકરીયા મૂળ પોરબંદર નાં વતની છે અને મારૂતિ કુરિયરનાં માલિક તથા ભાજપના ખૂબ જુના કાર્યકર્તા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે તેઓ પોરબંદર બેઠક પર પ્રબળ દાવેદાર હતાં પણ પસંદગી થઈ નહોતી.

ભાજપે રાજ્યસભાના ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે દિનેશ પ્રજાપતિ(અનાવાડિયા)ને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. દિનેશ અનાવાડિયા ડિસા ભાજપના આગેવાન છે અને વર્ષોથી સંઘ સાથે જોડાયેલા છે. એટલું જ નહીં, તેઓ ગુજરાત ભાજપમાં બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ પણ છે.

# વાવોલ, પેથાપુર અને સરગાસણમાં ગુડા નવા ૨૧૦૦ આવાસો બાંધશે

## આગામી માર્ચ મહીનામાં ગુડાની આવાસ યોજનાના ફોર્મનુ વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં નવા આવાસો બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. પેથાપુર , વાવોલ અને સરગાસણમાં નવા ૨૧૦૦ આવાસો બાંધવામાં આવશે. એક બેડરૂમ હોલ કીચનના આ મકાન માટે આગામી મહીનામાં અરજદારોને ગુડા દ્વારા ફોર્મ વિતરણ શરૂ કરાશે. ગુડામાં આવાસ મેળવવા માટે લાભાર્થીઓ ઉત્સુક છે. ત્યારે ગુડા દ્વારા પણ હવે ટુંકમાં ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાશે.

ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં ઓછી આવક ધરાવતા પરિવારો માટે રાયસણ, અડાલજ અને ચિલોડામાં આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. પ્રથમ તબક્કામાં અંદાજિત ૧૯૦૦ જેટલા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે ત્યારબાદ કુડાસણમાં પણ મધ્યમવર્ગના પરિવારો માટે નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ હતુ હાલ આ તમામ આવાસોમાં પરિવારોનો વસવાટ છે. ત્યારે ગુડા દ્વારા જરૂરિયાત મંદોને ધ્યાને લઈ ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ગુડા કક્ષાએથી પેથાપુર , વાવોલ અને સરગાસણ વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. આ ત્રણેય ઠેકાણે કુલ ૨૧૦૦ જેટલા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. ત્યારે આગામી દિવસોમાં આવાસ યોજના સંદર્ભે લાભાર્થીઓ માટે ફોર્મ વિતરણની પણ શરૂઆત કરી દેવાશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં ગુડા દ્વારા ફોર્મ વિતરણ શરૂ કરી દેવાશે. ગુડા દ્વારા વન બેડરૂમના આ આવાસો અન્વયે ટુંકમાં ફોર્મ વિતરણની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. ત્યારે વાર્ષિક રૂ ૩ લાખની મર્યાદા ધરાવતા પરિવારો આ આવાસ માટે અરજી કરી શકશે.

### ચૂંટણીના છેલ્લા સમાચાર

- સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૨૧૬ બેઠકો ભાજપને બિનહરીફ
- કડી નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ૨૬ બેઠકો ભાજપને બિનહરીફ
- ઉના નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ૨૧ બેઠકો ભાજપ બિનહરીફ
- રાજ્યમાં જિલ્લા પંચાયતોની ૨૪ બેઠકો પર ભાજપ બિનહરીફ, જ્યારે તાલુકા પંચાયતોની ૧૦૯ બેઠકો પર ભાજપ બિનહરીફ
- નગરપાલિકાની ૮૩ બેઠકો પર ભાજપ બિનહરીફ
- કડી અને ઉના નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો
- આપની રેલીથી અમદાવાદ મહાનગરપાલિકાનો જંગ જામ્યો

### જાહેર નોટીસ

જત ડીસ્ટ્રીક્ટ-સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરનાં તાલુકા ગાંધીનગરના ગામ મોજે વાસણા હડમતીયાની સીમના બ્લોક નં. ૦૪ની બીનખેતીની જમીનમાં આવેલ રહેણાંકના પ્લોટ્સની સ્કીમ કે જે "સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩" ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ રહેણાંક પ્લોટ નં.૦૨ કે જેનું ક્ષેત્રફળ આશરે ૬૧૧ ચો.વાર છે તે "સ્વાગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી." એ નામની કંપનીની માલિકી કબજા ભોગવટાનો આવેલ છે. સદરહુ પ્લોટ અમારા અસીલ વેચાણથી ખરીદવા માગતા હોઈ અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

સબબ આથી સર્વે લાગતા વળગતાઓને જણાવવાનું કે સદરહુ પ્લોટનાં ટાઈટલ બાબતે કોઈપણ વ્યક્તિનો વારસાઈ, ખાધા ખોરાકી કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો કે અન્ય કોઈપણ પ્રકારના જમીન સંબંધી કે સદરહુ પ્લોટ સંબંધી હક્ક, હિસ્સો કે બોજો હોય તેમજ કોઈપણ બેન્ક કે નાણાંકીય સંસ્થાનો સદરહુ પ્લોટ કે જમીન સંબંધી કોઈ બોજો હક્ક, હિત કે અધિકાર પ્રાપ્ત થતો હોય કે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તે અંગેની જાણ અમોને દિન-સાત (૭) માં નીચેના સરનામે કરવી, જો તેમ નહિં કરવામાં આવે તો સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યક્તિનો કે બેન્કનો કે નાણાંકીય સંસ્થાનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી કે, કોઈ બોજો નથી અને જો પોષાતો હોય અગર બોજો હોય તો તેમણે તે જતો (Waive) કરેલ છે તેમ સમજી અમો સદરહુ પ્લોટનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ કાઢી આપીશું. તેમજ સદરહુ પ્લોટ અમારા અસીલ અઘાટ વેચાણ રાખી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યક્તિની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૫-૨-૨૦૨૧

રશેષ યોગેન્દ્ર માંકડ,
એડવોકેટ

માંગલ્ય, પ્લોટ નં. ૨૫૫/૨, જૈન દેરાસરની પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર.
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૦, ૯૪૨૭૦ ૦૭૩૩૧, ૯૪૨૮૮ ૧૪૧૧૫, ૯૪૨૯૪ ૦૫૫૫૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com